
ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬




એક જ વાર્તા પર આટલી બધી ફિલ્મો બની.... Pg.2



ભૂમિ ખીલશે દલદલમાં?... Pg.4

# સાઉથની રાજનીતિના કેન્દ્રમાં ફરી એકવાર સિનેમા

## રાજનીતિની ફિલ્મમાં વિજય થશે હિટ?

ટૉક ઓફ ધી ટાઉન-



એક માનાં બે દીકરા જેવા નેતા અને અભિનેતાઓની વાતો આપણા દેશમાં ક્યારેય ખૂટે નહીં તેવા કિસ્સાઓથી ભરપૂર છે. તેમાં જ્યારે નેતા અભિનેતા બને કે અભિનેતા નેતા બને ત્યારે તેની ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બને છે પણ ભારતની રાજનીતિમાં મોટાભાગના કિસ્સાઓ સાઉથના સિનેમાથી આવતા હોય છે જેમાં અભિનેતાઓ રાજનીતિમાં આવે છે. અને તેનું સૌથી તાજું ઉદાહરણ છે તમિલ વેટરી કઝગમ (TVK) પાર્ટી બનાવનારા જોસેફ વિજય ચન્દ્રશેખરન્ ઉર્ફે વિજય થલપતિ. વર્ષોથી વિજયની ફિલ્મોની વાર્તામાં એક કોમન થ્રેડ રહ્યો છે–ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવવો, યુવાનોને પ્રેરણા આપવી, અને સિસ્ટમ સાથે ટક્કર લેવી. હવે એ જ અવાજ ઉઠાવવાનો. આ સ્ક્રિપ્ટને હવે સ્ટુડિયોથી દૂર કરી લોકોની વચ્ચે લઈ રાજનીતિમાં ઉતરવા માંગે છે, જેમ ફિલ્મમાં એક નેતા સિસ્ટમ ચેન્જ કરી કાઢે તેમ રિયલમાં કરવા માંગે છે પણ બે કલાકની ફિલ્મમાં જે થાય છે તેને હકીકતમાં કેટલો સમય લાગશે તેનો જવાબ વિજય પાસે પણ નહીં હોય.

હાલ વિજય પોતાને પાર્ટ ટાઈમ પોલિટિશ્યન માને છે. તેની છેલ્લી ફિલ્મ 'જન નાયગન' રિલીઝ થાય પછી તે ફિલ્મમાં એક્ટિંગ કરવાનું છોડી દેશે (યાદ રાખજો, વન્સ એન એક્ટર ઓલવેઝ એન એક્ટર) પણ હવે એક વિવાદ થયો છે. અમુક લોકો તેને ફુલ ટાઈમ પોલિટિશ્યન નથી બનવા દેવા માંગતા. અર્થાત જે છેલ્લી ફિલ્મ 9 જાન્યુઆરી 2026માં રિલીઝ થવાની હતી તે હજી રિલીઝ નથી થઈ, આ આખી ઘટના ઘણું બધું કહી જાય છે.

તેની છેલ્લી ફિલ્મના રિલીઝ ટાઈમિંગને લઈને એમ પણ વિવાદ ઉભો થયો હતો. અત્યારે મુદ્દો છે સેન્સર બોર્ડ (CBFC) તરફથી સર્ટિફિકેટ મેળવવામાં મુશ્કેલીઓને કારણે ફિલ્મ અટવાઈ પડી છે. મદ્રાસ હાઈકોર્ટની સિંગલ બેન્ચે CBFC ને આ ફિલ્મને UA સર્ટિફિકેટ આપવાનો નિર્દેશ આપ્યો હતો. જોકે, સેન્સર બોર્ડે આ આદેશને પડકારતી અપીલ દાખલ કરી. અને હવે તારીખ પર તારીખ મળી રહી છે, સેન્સરબોર્ડનું કહેવું છે ફિલ્મમાં કેટલાક દૃશ્યો ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડે છે અને સેનાની છબી ખરાબ કરે છે. અગાઉ કેટલાક કટ પછી UA સર્ટિફિકેટ આપ્યું હતું, પરંતુ અધ્યક્ષે તેને ફરી રિવ્યુ કમિટી પાસે મોકલી દીધું. આ જોઈ વિજય એટલું જાણી ગયો હશે કે ફિલ્મ કરતા સાચી રાજનીતિ વધારે અઘરી છે.

અહીં ટોક ઓફ ધી ટાઉન એ નથી કે વિજય રાજનીતિમાં સફળ થશે કે નહીં; એ છે કે સાઉથની રાજનીતિના કેન્દ્રમાં ફરી એકવાર સિનેમા આવશે કે નહીં. સાઉથની સિનેમાનો ભૂતકાળ ખૂબ બધા કિસ્સોથી ભરેલો છે જેમાં સ્ટારની સફર મુખ્યમંત્રી સુધીની લંબાઈ છે. એટલે દક્ષિણમાં આ ટ્રેન્ડ નવો નથી. પડદા પર ગરીબોના મસીહા બનતા એક્ટર એમ.જી રામચંદ્રનને તેમની ફિલ્મની ઇમેજ અને લોકપ્રિયતાને કારણે મુખ્યમંત્રીની ખુરશી મળી. તો જયાલલિતા આ યાદીમાં બીજું ઉદાહરણ છે. તેલુગુ અસ્મિતાને રાજકીય ઓળખ આપનાર એન.ટી રામારાવ NTRને કેમ ભુલાય. ચિરંજીવીએ પણ ફિલ્મી લોકપ્રિયતાના બળે રાજકીય સત્તાનો પ્રયત્ન કર્યો હતો અને આજે કમલ હાસન, પવન કલ્યાણ, સુરેશ ગોપી જેવા સ્ટાર્સ હજી રેસમાં છે. આ બધામાં વિજય થોડો અલગ છે, તે હવે સીધો મેદાનમાં ઉતર્યો છે, સભા કરે છે, રેલી કાઢે છે, યુવાનોને ભેગા કરે છે, પોતાને અભિનેતા અહીં પણ નેતા તરીકે બનાવી રહ્યો છે. આજના સમયમાં આમ કરનારો એક માત્ર એક્ટર ખરો!

> **અહીં ટોક ઓફ ધી ટાઉન એ નથી કે વિજય રાજનીતિમાં સફળ થશે કે નહીં; એ છે કે સાઉથની રાજનીતિના કેન્દ્રમાં ફરી એકવાર સિનેમા આવશે કે નહીં. સાઉથની સિનેમાનો ભૂતકાળ ખૂબ બધા કિસ્સોથી ભરેલો છે જેમાં સ્ટારથી મુખ્યમંત્રી સુધીની સફર લંબાઈ છે**

તો કંગનાને બાદ કરતા સવાલ થાય બોલિવૂડ કેમ પાછળ છે? બોલિવૂડમાં પણ સ્ટાર્સની લોકપ્રિયતા તો ખરી, તો આ પોલિટિકલ ડિસ્ટન્સ કેમ? ઘણા કારણો હોય શકે છે. હિન્દી પટ્ટો રાજકીય રીતે ખૂબ વિશાળ છે અહીં સાઉથની જેમ એક સ્ટાર, એક રાજ્ય, એક ભાષા જેવા મુદ્દા નથી અને બોલિવૂડ એ ખૂબ કોર્પોરેટ-ડ્રિવન ઇન્ડસ્ટ્રી છે. તેમના પોલિટિકલ સ્ટેન્ડથી ફ્રેનબેઝ, વેલ્યુ, ઇન્વેસ્ટમેન્ટ એ બધું ખોરવાઈ શકે. આમ છતાં બોલિવૂડમાં રાજનીતિ સાવ વર્જ્ય નથી. તેમની સાથે રાજકીય નજીકતા તો છે પરંતુ સીધી ચૂંટણીમાં ઉતરી લડવાની વાત નથી સ્વીકારાતી.

તો શું બોલિવૂડ સ્ટાર્સે રાજનીતિમાં આવવું જોઈએ? આ સવાલનો જવાબ "હા" કે "ના"માં નથી. અને જો બોલિવૂડ કે સાઉથના કોઈ પણ કલાકાર પાસે વિઝન, તૈયારી અને જાહેર જવાબદારી હોય, તો આવવું જોઈએ બાકી ખાલી ફેમના શોર્ટકટ તરીકે આવે, તો લોકશાહી, ફિલ્મને બધાને નુકસાન છે. ●

## મર્દાની જાનકી સામે રાનીની શૈતાની

કોન્ટ્રોવર્સી





ફેમિનિઝમ તરફ ધીમે ધીમે આગળ વધતાં બોલિવૂડમાં આ વર્ષે એટલે કે ૨૦૨૬માં સ્ત્રી-પ્રાધાન્યવાળી ફિલ્મની ભરમાર થવાની છે. જેમાંની એક 'મર્દાની ૩' રીલિઝ થવામાં જ છે ત્યારે પ્રમોશન માટે કંઈક ખટપટ ચાલી રહી છે તેવું કેમેરામાં કેદ થયું છે. પાવરફુલ લીડ રોલમાં શિવાની શિવાજી રોય તરીકે રાની મુખર્જી છે, જેની સાથે ગુજરાતી એક્ટ્રસ જાનકી બોડીવાલા પણ છે. જાનકીની 'શૈતાન' ફિલ્મ બાદ ખૂબ પ્રશંસા થઈ હતી. મર્દાની-૩માં જાનકી એક પોલીસ ઓફિસરના મિડલ રોલમાં છે પણ ફિલ્મમાં તેનું કેરેકટર ખૂબ જ અગત્યનું છે. પરંતુ તમે જોયું હોય તો 'મર્દાની ૩'ના ઓફિશિયલ ટ્રેલરમાં જાનકીને માત્ર થોડીક સેકન્ડ જ મળી છે. ટ્રેલરમાં રાનીનું ડોમિનન્સ છે. લોકોનું કહેવુ છે જાનકીનો રોલ વેઈટિજ ધરાવતો હોવા છતાં તેનો અપિયરન્સ ઘણો ઓછો છે. કેટલાક કહે છે કે તેના રોલને છુપાવવાની કોઈ સ્ટ્રેટજી હોઈ શકે છે, જેથી થિયેટરમાં સરપ્રાઈઝ રહે. પરંતુ હકીકત કંઈક અલગ જ જોવા મળી રહી છે. કહેવાય છે કે જાનકી પોતાની ફિલ્મને પ્રમોટ કરવા માટે કપિલ શર્મા શોમાં જવા ઈચ્છતી હતી. પરંતુ લીડિંગ એક્ટ્રેસે તેને શોમાં આવવા ન દીધી. કેટલાક કહે છે કે રાની ઈચ્છતી હતી કે ફિલ્મનું પ્રમોશન માત્ર મેઈન કાસ્ટ જ કરે, જેથી તે પૂરેપૂરી સ્પોટલાઈટ મેળવી શકે. જોકે આ વાતોની કોઈ ઓફિશ્યલ પુષ્ટિ નથી થઈ, કરાતી પણ નથી. ન તો જાનકીએ આ વિશે કંઈ કહ્યું છે, ન તો રાનીએ. પરંતુ ગોસિપર્સમાં આ વાતો આગની જેમ ફેલાઈ રહી છે. બોલિવૂડમાં આવું ઘણીવાર જોવા મળે છે, ખાસ કરીને જ્યારે કોઈ ન્યૂકમર્સ, મોટા સ્ટાર સાથે કામ કરે ત્યારે. જાનકી ગુજરાતી ફિલ્મોમાં નામ કમાઈને હવે બોલિવૂડમાં પોતાની જગ્યા બનાવી રહી છે. તેણે અગાઉ 'શૈતાન'માં પણ મોટી સ્ટારકાસ્ટ સાથે કામ કર્યું હતુ. હવે મર્દાનીમાં દરેક કાસ્ટને સરખો સ્ક્રીન ટાઈમ મળે છે કે નહીં એ તો ફિલ્મ જોયા પછી જ ખબર પડશે. ●

## રોજ નવા વિવાદ કરે પલાશની તલાશ

વાયરલ-



પલાશ મુચ્છલ; આ નામ ઘણાં સમયથી હેડલાઈન્સમાં છવાયેલું છે. હવે કેમ ફરી ચર્ચામાં છે તે પહેલાં હાઈલાઈટ જોઆએ તો, સ્ટેડિયમમાં ક્રિકેટર સ્મૃતિ માંધનાને ડ્રીમ પ્રપોઝલથી લઈ થોડા જ સમયમાં લગ્નની નક્કી કર્યાની ખબરો, પલાશના સોશિયલ મીડિયા પરના ચીટિંગ સ્ક્રીનશોટ પણ ઘણા વાયરલ થયા. પલાશ અને સ્મૃતિની લવસ્ટોરી સોશ્ય મીડિયામાં ખૂબ જ રોમાન્ટિક લાગતી હતી. નવેમ્બર ૨૦૨૫માં તેમના લગ્ન થવાના હતા. લગ્નના દિવસે અચાનક સ્મૃતિના પિતાને હાર્ટની તકલીફ થઈ અને લગ્ન પોસ્ટપોન થયા. પલાશને પણ સ્ટ્રેસને કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. પછીથી બંનેએ પબ્લીકલી કહ્યું કે લગ્ન કેન્સલ થઈ ગયા છે અને તેઓ અલગ થઈ ગયા છે. પલાશે ઈન્સ્ટાગ્રામ પરથી સ્મૃતિની બધી તસવીરો ડિલીટ કરી દીધી અને બંને એકબીજાને અનફોલો કરી દીધા. આ બધું સોશ્યલ મીડિયામાં ખૂબ વાયરલ થયું!

આ ખબરો જરા ઠંડી જ પડી હતી અને હવે પલાશ પર નવા આરોપો લગાવવામાં આવ્યા! આ સુર્ખીઓના થોડા દિવસ પછી એક મરાઠી એક્ટર-પ્રોડ્યુસર વિદ્યાન માને હવે બોમ્બ ફોડ્યો છે. વિદ્યાન, સ્મૃતિનો બાળપણનો મિત્ર છે. તેણે પોલીસમાં ફરિયાદ કરી કે પલાશે તેને રૂ. ૪૦ લાખનો ચૂનો લગાવ્યો છે. વાત એમ છે કે વિદ્યાને પલાશની અનરિલીઝ્ડ ફિલ્મ 'નજરિયા'માં રોકાણ કર્યું હતું. પલાશે તેને ખાતરી આપી હતી કે રૂ. ૨૫ લાખના રોકાણ પર રૂ. ૧૨ લાખનો નફો મળશે અને તેની સાથે વિદ્યાનને ફિલ્મમાં રોલ પણ મળશે. માર્ચ ૨૦૨૫ સુધીમાં વિદ્યાને રૂ. ૪૦ લાખ આપ્યા પણ ફિલ્મ પૂરી ન થઈ અને પૈસા પાછા માંગ્યા ત્યારે પલાશ તરફથી કોઈ જવાબ ન મળ્યો. વિદ્યાને એ પણ જણાવ્યું કે પલાશની માતા અમિતા મુચ્છલે ફિલ્મનું બજેટ વધારીને રૂ. ૧.૫ કરોડ કર્યું અને વધારાના રૂ. ૧૦ લાખ માંગ્યા, નહીં તો પૈસા ડૂબી જશે એવી ધમકી પણ આપી. સૌથી મોટો બોમ્બ તો એ હતો કે વિદ્યાને દાવો કર્યો કે ૨૩ નવેમ્બર ૨૦૨૫ના રોજ જ્યારે સ્મૃતિ સાથે લગ્ન થવાના હતા તે દિવસે પલાશ કોઈ બીજી છોકરી સાથે બેડ પર રંગરેલિયા મનાવી રહ્યો હતો! તેણે કહ્યું કે, 'પલાશને રંગેહાથ ઝડપાયો હતો. આ દ્રશ્ય 'ભયાનક' હતું અને ભારતીય મહિલા ક્રિકેટરોએ પલાશને ખૂબ માર્યો પણ હતો. પલાશનો આખો પરિવારને 'ચોર' છે.' વિદ્યાનની આ વાતોથી સોશિયલ મીડિયા પર આગ લાગી ગઈ. જોકે પલાશે આ તમામ આરોપોને નકારી કાઢ્યા છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરીમાં લખ્યું છે કે, 'આ આરોપો સંપૂર્ણ પાયા વગરનાં અને ખોટા છે અને મને બદનામ કરવા માટે જ કરવામાં આવ્યા છે. હું ડિફેમ કરવા માટે મારા વકીલ સાથે વિદ્યાન વિરુદ્ધ લિગલી કેસ કરીશ. વિદ્યાન પાસે કોઈ પુરાવા નથી - ન પૈસાના ટ્રાન્સફરના, ન બીજી સ્ત્રીના આરોપના. હું વિદ્યાનને ઓળખતો પણ નથી માત્ર સ્મૃતિના પિતા દ્વારા પરિચય થયો હતો અને આ આરોપો લગ્ન કેન્સલ થયા પછી જ કેમ થયા?' પલાશે તો વિદ્યાન સામે રૂ. ૧૦ કરોડનો ડિફેમેશન કેસ પણ દાખલ કર્યો છે. સાંગલી પોલીસે પ્રાથમિક તપાસ શરૂ કરી છે પણ હજુ FIR નથી થઈ. બહેન પલક મુચ્છલે પણ વાત કરી અને કહ્યું કે લગ્ન પોસ્ટપોન થવાનું કારણ પિતાની તબિયત હતી. આ બધું જોઈને લાગે છે કે પલાશના જીવનમાં એક પછી એક ડ્રામા આવી રહ્યા છે. એક તરફ ફેરીટેલ લવસ્ટોરી ખતમ થઈ, તો બીજી તરફ ચીટિંગના આરોપો ઉભા થયા. એક તરફ પલાશની બહેન પલક મુચ્છલ ડોનેશન કરી વર્ષોથી નાના બાળકોની સર્જરીના પૈસા આપી મદદ કરી રહી છે, જેની નોંધ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ પણ લીધી છે, જ્યારે બીજી તરફ તેના પરિવાર પર મની લોન્ડરના આરોપો લાગી રહ્યા છે. સાચું કોણ છે એ તો સમય જ બતાવશે. પણ આ વિવાદોની અસર તેમની ઈમેજ પર પડશે એ નક્કી. ●